


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 344
Dt.: 25-08-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### સરકારી આંકડામાં ખુલાસો!

## EPFO ૪૯ લાખ કર્મચારીને ૧૫૦૦ રૂપિયાથી પણ ઓછું પેન્શન મળે છે

### આ મળતી રકમ વર્તમાન જીવનશૈલી મુજબ ઘણી ઓછી છે, જેનાથી મહિનાનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એક સરકારી ડેટામાં પેન્શન મુદ્દે મોટો ખુલાસો થયો છે. સંસદમાં રજૂ થનારા આંકડાઓ અનુસાર, કર્મચારી પેન્શન યોજના ૧૯૯૫ (EPS) હેઠળ આશરે અડધાથી વધુ નિવૃત્ત કર્મચારીઓને રૂ. ૧૫૦૦ પ્રતિ માસથી પણ ઓછું પેન્શન મળે છે. આ રકમ વર્તમાન જીવનશૈલી મુજબ ઘણી ઓછી છે. જેનાથી મહિનાનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ છે.

શ્રમ મંત્રાલયે જણાવ્યું હતું કે, ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી ૮૧.૫ લાખ પેન્શનધારકો ઈપીએસ-૯૫ હેઠળ રજિસ્ટર્ડ છે. જેમનું મેનેજમેન્ટ ઈપીએફઓ કરે છે. જેમાંથી ૫૦ ટકાથી વધુ અર્થાત ૪૯.૧૫ લાખ પેન્શનધારકોને માસિક રૂ. ૧૫૦૦થી પણ ઓછું પેન્શન મળે છે. જ્યારે ૭૮.૭ લાખ પેન્શનધારકોને (૯૬ ટકા)ને માસિક રૂ. ૪૦૦૦૦ અને ૮૦.૯ લાખ પેન્શનર્સ (૯૯ ટકા)નું માસિક પેન્શન રૂ. ૬૦૦૦થી ઓછું છે. જ્યારે ૫૩૫૪૧ પેન્શનર્સ (૦.૬૫ ટકા) પેન્શનર્સને જ માસિક રૂ. ૬૦૦૦થી વધુ પેન્શન મળે છે.

ઈપીએસ-૯૫ હેઠળ લઘુત્તમ પેન્શન રૂ. ૧૦૦૦ પ્રતિ માસ છે. જે મળખાગત જરૂરિયાતો પૂરી કરવા માટે પર્યાપ્ત નથી. નાણાકીય સલાહકારોનું માનવુ છે કે, જો તમે મેટ્રો શહેરમાં રહે છે, તો તેમના માટે આ પેન્શન પર એક દિવસનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ થશે.

વેપાર સંગઠનોએ વારંવાર તર્ક આપ્યો છે કે, આટલું ઓછું પેન્શન નિવૃત્ત કર્મચારીઓને નાણાકીય સુરક્ષા પણ પ્રદાન કરવા સક્ષમ નથી. જ્યારે આવશ્યક ચીજ-વસ્તુઓની કિંમત સતત વધી રહી છે. વેપાર સંગઠની માગ છે કે, લઘુત્તમ માસિક પેન્શન વધારી રૂ. ૯૦૦૦ કરવામાં આવે તેમજ શ્રમ મંત્રાલય સમક્ષ ૧૭ માગ રજૂ કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે, આ માત્ર કર્મચારીઓના કલ્યાણ માટે જ નહીં, પણ સામાજિક સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ છે. શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શોભા કરંદવાલેએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે,

ઈપીએસ-૯૫ હેઠળ કુલ પેન્શન ફાળવણી ૨૦૨૩-૨૪માં વધી રૂ. ૨૩૦૨૮ કરોડ થઈ છે. જે ૨૦૨૨-૨૩માં રૂ. ૨૨૧૧૩ કરોડ હતી. આ સમયે ઈપીએફઓની આવકમાં વૃદ્ધિ થઈ છે. ઈપીએફઓની વ્યાજ મારફત આવક ગતવર્ષે રૂ. ૫૨૧૭૧ કરોડથી વધી રૂ. ૫૮૬૬૯ કરોડ થઈ છે. વ્યાજ સહિત અન્ય આવક રૂ. ૫૬૪ કરોડથી વધી રૂ. ૮૬૪ કરોડ થઈ છે. માર્ચ, ૨૦૨૫ સુધી નિષ્ક્રિય ખાતામાં રૂ. ૧૦૮૯૮ કરોડની રકમ જમા થઈ છે.

## કઠોળ ઉત્પાદનમાં દુનિયાના ટોપ-૧૦ દેશોમાં ભારત નંબર-૧, ચીન-અમેરિકા પણ પાછળ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કૃષિ મૂલ્યની દ્રષ્ટિએ વિશ્વના ટોચના ચાર ખાદ્ય ઉત્પાદક દેશો ચીન, ભારત, અમેરિકા અને બ્રાઝિલ છે. આજે આપણે ખાદ્ય ઉત્પાદનમાં કઠોળ વિશે વાત કરીએ તો મસૂર, ચણા, બીન્સ અને વટાણા સહિતની કઠોળ વૈશ્વિક પોષણ અને કૃષિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

નોંધનીય છે કે, ભારત સૌથી વધુ કઠોળનું ઉત્પાદન કરે છે. પરંતુ કેટલું ઉત્પાદન થાય છે અને ભારત સિવાય અન્ય કયા દેશો આ યાદીમાં છે? આ બધા વિશે જાણવું પણ મહત્ત્વપૂર્ણ છે.

### કોમર્શિયલ ડ્રાઈવરો અંગે ટ્રમ્પનો મોટો નિર્ણય

## વર્ક વિઝા સસ્પેન્ડ થવાથી અમેરિકામાં મંડરાયું મોટું સંકટ

### અમેરિકાએ કોમર્શિયલ ડ્રાઈવરો માટે વર્ક વિઝા સ્થગિત કરી દીધા છે, જેની સૌથી વધુ અસર ભારતીયો પર પડી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના ફ્લોરિડામાં થયેલા અકસ્માતને કારણે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કોમર્શિયલ ડ્રાઈવરો માટે વર્કર વિઝા સ્થગિત કરી દીધા હતા. પંજાબના કેબિનેટ મંત્રી સંજીવ અરોરાએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કેન્દ્ર સરકારને પત્ર લખીને યુએસ સરકારને વાતચીત માટે અપીલ કરી છે.

તેમણે પત્રમાં લખ્યું છે કે ફ્લોરિડામાં પંજાબી મૂળના ટ્રક ડ્રાઈવર દ્વારા થયેલા અકસ્માત બાદ અમેરિકાએ કોમર્શિયલ ડ્રાઈવરોના વર્ક વિઝા બંધ કરી દીધા હતા. આનાથી ૧.૫ લાખ પંજાબી ડ્રાઈવરોની આજીવિકા જોખમમાં મુકાઈ ગઈ છે. વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસે તાત્કાલિક અમેરિકન સરકાર સાથે વાત કરવી જોઈએ અને વિઝા પુનઃસ્થાપિત કરવા જોઈએ. એક ઘટનાના આધારે સમગ્ર પંજાબી સમુદાયને સજા આપવી ખોટી છે. અમેરિકાની ટ્રમ્પ સરકારે ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરો માટે વર્કર વિઝા H-2B, E-2 અને EB-3 જાહેર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ વિઝા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ વિઝા સસ્પેન્ડ કરવાનું કારણ રાષ્ટ્રીય સુરક્ષા, માર્ગ સલામતી અને અમેરિકન ટ્રક ડ્રાઈવરોના અધિકારોનું રક્ષણ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ફ્લોરિડા ટર્નપાઈક પર એક માર્ગ અકસ્માત થયો હતો. એક ડ્રાઈવર હરજિંદર સિંહે હાઈ-વેની વચ્ચે ખોટો યુ-ટર્ન લીધો અને એક કાર તેના ટ્રક સાથે અથડાઈ. આ અકસ્માતમાં ૩ લોકોના મોત થયા. તપાસમાં જાણવા મળ્યું કે તે ગેરકાયદેસર રીતે અમેરિકા આવ્યો હતો અને તેને ગેરકાયદેસર રીતે ડ્રાઈવિંગ લાઈસન્સ આપવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે H-2B (કામચલાઉ બિન-કૃષિ કાર્ય), E-2 (રોકાણકાર વિઝા) અને EB-3 (કાયમી નોકરી માટે ગ્રીન કાર્ડ) સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે વિઝા સસ્પેન્શનનો આદેશ હાલના વિઝા ધારકોને લાગુ પડશે નહીં, નવા વિઝા જાહેર કરવામાં આવશે નહીં કે અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અમેરિકન ટ્રકિંગ એસોસિએશન (ATA) અને ઓનર-ઓપરેટર ઈન્ડિપેન્ડન્ટ ડ્રાઈવર્સ એસોસિએશન (OOIDA) એ ટ્રમ્પ સરકારના નિર્ણયને ટેકો આપ્યો છે.

### CJI બી.આર.ગવઈનું મોટું નિવેદન

## પ્રજાના દબાણ કે ઈચ્છાના આધારે ચુકાદા ન આપી શકાય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) ભૂષણ બી. આર ગવઈએ ગોવા હાઈકોર્ટ બાર એસોસિએશનમાં પોતાના ભાષણમાં કહ્યું કે, કાર્યપાલિકાને જજની ભૂમિકા ભજવવાની મંજૂરી આપવું બંધારણમાં સમાવિષ્ટ સેપરેશન ઑફ પાવરના સિદ્ધાંતને નબળી પાડે છે.

બુલડોઝર કાર્યવાહી અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, મને ગર્વ છે કે અમે કારોબારી તંત્રને ન્યાયાધીશ બનતા અટકાવવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરી છે. બંધારણ કારોબારી, ન્યાયતંત્ર અને વિધાનસભા વચ્ચે સત્તાના વિભાજનને માન્યતા આપે છે. જો કારોબારી તંત્રને આ સત્તા આપવામાં આવે છે, તો તે બંધારણીય માળખાને ઊંડી નુકસાન પહોંચાડશે. ક્રીમી લેયર અને અનુસૂચિત જાતિમાં ઉપ-વર્ગીકરણ પર પોતાના વિવાદાસ્પદ નિર્ણયનો ઉલ્લેખ કરતા CJIએ કહ્યું કે, મારા આ નિર્ણયની મારા જ સમાજે ઘણી ટીકા કરી છે, પરંતુ હું હંમેશા માનુ છું કે, નિર્ણય જનતાની ઈચ્છા અથવા દબાણના આધારે નહીં પરંતુ કાયદો અને પોતાની અંતરાત્મા અનુસાર હોવો જોઈએ. મારા અમુક સહયોગીઓએ પણ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ મારો તર્ક સ્પષ્ટ હતો. મેં જોયું છે કે, અનામત વર્ગની પહેલી પેઢી IAS બને છે, પછી બીજી અને ત્રીજી પેઢી પણ એ અનામતનો લાભ લે છે. શું મુંબઈ અથવા દિલ્હીની સવર્શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરનાર, તમામ સુવિધા ભોગવનાર બાળક જિલ્લા કે ગામડાની શાળામાં અભ્યાસ કરતા મજૂર બાળકની બરાબર કેવી રીતે હોય શકે? બંધારણનો અનુચ્છેદ ૧૪ તમામ માટે એકસમાન વ્યવહાર નથી. બંધારણ અસમાનતા સમાન બનાવવા માટે અસમાન વ્યવહારની વકાલત કરે છે. એક ચીફ જસ્ટિસનો બાળક, જે સવર્શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરે અને એક સામાન્ય શ્રમિકનો બાળક જે મર્યાદિત સંસાધનોમાં અભ્યાસ કરે છે, તેમની તુલના કરવી એ બંધારણની મૂળ ભાવનાની વિરૂદ્ધ છે.

આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, મારા આ વિચારને સુપ્રીમ કોર્ટના ત્રણ અન્ય ન્યાયાધીશોનું સમર્થન મળ્યું. જોકે, ટીકાઓનું હંમેશા સ્વાગત છે. ન્યાયાધીશ પણ માણસ છે અને ભૂલ કરી શકે છે. હાઈકોર્ટમાં મારા બે જજમેન્ટને પેર ઈનક્યુરિયમ (યોગ્ય વિચાર કર્યા વિના આપવામાં આવેલો) ચુકાદો માનવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં પણ એકવાર આવું થયું હતું.




# તંત્રી લેખ......

## સ્કૂલમાં હત્યાકાંડ : હજુએ નહીં જાગીએ તો મોડું થશે

અમદાવાદની ઘટનાની ચર્ચા ચારેકોર છે. એક તો શાળામાં વિદ્યાર્થીએ વિદ્યાર્થીની હત્યા કરી છે. મૃતકના વાલી શોકગ્રસ્ત હોય અને અન્ય વિદ્યાર્થીઓના વાલી-વિદ્યાર્થી પોતે પણ ડરી જાય તે સ્વાભાવિક છે. ઘટના છે પણ એવી કે કોમી એકતાનાં આદર્શની વાત સંપૂર્ણપણે ઊભી રહે તેમ નથી. સવાલ એ છે કે, શાળામાં છાત્રની હત્યા થાય એટલી હદે બાળમાનસ કઇ રીતે વિકૃત થઇ ગયું હશે ? સમાજ કઇ દિશામાં જઇ રહ્યો છે ? શિક્ષણ જેને કહીએ છીએ તે પ્રવૃત્તિ આટલી ખોખલી અને નમાલી છે? શિક્ષણ અને શિક્ષકનો મૂળ હેતુ સારા ડોક્ટર, એન્જિનીયર્સ નિર્માણ કરવાનો જ નથી તેનું મુખ્ય કાર્ય તો સારા મનુષ્યો સમાજને મળે તે છે, પરંતુ શિક્ષણનું વધુ પડતું નિજીકરણ અને વિશેષતઃ જેમનો વ્યવસાય શિક્ષણ નથી તેમના હાથમાં આ વ્યવસ્થા આવી એટલે એક પવિત્ર ક્ષેત્ર ધંધાકીય હરીફાઈનું માધ્યમ બન્યું. એક વિદ્યાર્થીની હત્યા તો કરુણ ઘટના છે જ, પરંતુ આ બનાવ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા સામેનો મોટો પ્રશ્નાર્થ છે. એક વિદ્યાર્થી પોતાના દફતરમાં હથિયાર લઈને આવે તેમાં પદ્ધતિ કે શાળા શું કરે? સામે એ વાત છે કે, વિદ્યાર્થી અવસ્થામાં કોઈ આટલી હદે ન જાય તેવું વાતાવરણ કરવામાં શાળા, શિક્ષણક્ષેત્ર સફળ થયા નથી. આ આદર્શ લાગે તેવી વાત છે, પરંતુ નક્કર વાસ્તવિકતા છે. સ્કૂલમાં ભણવા, શીખવા જવાનું હોય તે જાગૃતિ નથી, તેથીય વધારે અણીદાર સવાલ છે કે, એવી કઈ બાબત છે જેને લીધે વિદ્યાર્થીમાં આટલું ખુન્નસ ઉત્પન્ન થયું? રમત રમવાની ઉંમરે કોઈના રામ રમાડી દેવાની વિકૃતિ કેવી રીતે આવી ? તેમાં ફક્ત ધર્મ-કોમ જ નહીં, સામાજિક માળખું જવાબદાર છે. આ કિસ્સામાં અલબત્ત આરોપીનો ધર્મ ચર્ચામાં છે, તેને અવગણી શકાય નહીં. આવા કિસ્સા દેશભરમાં બનતા રહે છે. એક તરફ ઉશ્કેરાયેલા વાલીઓ સતત એવી માગણી કરી રહ્યા છે કે, આ સ્કૂલમાંથી અમુક ધર્મના વિદ્યાર્થીઓને નિષ્કાશિત કરો. ટૂંકાગાળાનો ઉકેલ આ હોઈ પણ શકે, પરંતુ માગણી તો એ પણ થવી જોઈએ કે, વિદ્યાર્થીઓનું ઘડતર વ્યવસ્થિત થાય, તેમના મનોવલણો સાથે શિક્ષકો અનુકૂલન સાધે, જરૂર પડયે તેમનું કાઉન્સેલિંગ થાય. વિદ્યાર્થી અવસ્થામાં કોઈ છરી કે ઘાતક હથિયાર લઈને જાય, મારી પણ દે તે પડકાર સમાજચિંતકો, શિક્ષણવિદો સામે મોટો છે. કિશોરવયે આટલી હિંસક પ્રકૃતિ શા માટે થઈ ? તે મૂળ સમસ્યા છે. સોશિયલ મીડિયા, ફિલ્મો, વેબસિરીઝને આરોપી બનાવવા હોય તો બનાવી જ શકાય સાથે જ પેરેન્ટિંગ- બાળકનો ઉછેર, ઘરનું વાતાવરણ પણ સૌથી મોટો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓને નાની વયે વાહન અને મોબાઈલ જેવા સાધનો આપીને ક્યાંક આપણે ભૂલ નથી કરતા ને? તેવો સવાલ વાલીઓને થવો જોઈએ. ગહન મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરીને, શિક્ષકો, સામાજિક અગ્રણીઓ, વાલીઓ, શિક્ષણવિદો એકઠા થઈને આ મુદ્દે વિચાર કરે તે જરૂરી છે. દેશના ઈતિહાસમાંથી ભૂલો શોધવાને બદલે વર્તમાનની ભૂલો શોધી, ભવિષ્ય સુરક્ષિત બનાવવું વધારે હિતાવહ છે.

રાજ ઠાકરેના વોટ ચોરી મુદ્દે પ્રહાર

## ચૂંટણીપંચને ડર છે કે ૧૦ વર્ષની પોલ ખુલી જશે

### હું ૨૦૧૬થી વોટ ચોરીની વાત કરી રહ્યો છું : રાજ ઠાકર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના પ્રમુખ રાજ ઠાકરેએ વોટ ચોરી મુદ્દે મોટો હુમલો કર્યો છે. કોઈ પણ રાજકીય પક્ષનું નામ લીધા વિના તેમણે કહ્યું કે તેઓ ઘણા વર્ષોથી વોટ ચોરી કરીને સરકાર બનાવી રહ્યા છે. રાજ ઠાકરેએ કહ્યું કે હું ૨૦૧૬થી વોટ ચોરીની વાત કરી રહ્યો છું.

જ્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને ભાજપના અનુરાગ ઠાકુરે મતદાર યાદીમાં છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો ત્યારે ચૂંટણી પંચે તેની તપાસ કરવી જોઈતી હતી. મ્યુનિસિપલ ચૂંટણીઓ પહેલા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના સ્થાનિક અધિકારીઓને સંબોધતા તેમણે પક્ષના કાર્યકરોને મતદાર યાદીઓ કાળજીપૂર્વક તપાસવા કહ્યું.

રાહુલ ગાંધી અને અનુરાગ ઠાકુર દ્વારા મતદાર યાદીમાં હેરાફેરીના આરોપોનો ઉલ્લેખ કરતાં ઠાકરેએ કહ્યું કે વિપક્ષની સાથે સાથે હવે સરકારના સભ્યોને પણ શંકા થઇ રહી છે. એવામાં ચૂંટણીપંચે તપાસ કરવાની જરૂર છે પણ તે મામલાને દબાવવાનું પસંદ કરે છે. ચૂંટણી પંચ આવું નહીં કરે કેમ કે તેને ડર છે કે છેલ્લા ૧૦ વર્ષોની વોટ ચોરીની પોલ ખુલી જશે.

રાજ ઠાકરેએ કહ્યું કે તેઓ આટલા વર્ષોથી વોટ ચોરી કરીને સરકાર બનાવવામાં સફળ થઇ રહ્યા છે. જોકે તેમણે એ ન કહ્યું કે તે કયા રાજકીય પક્ષની વાત કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષથી વોટ ચાલે છે. ૨૦૧૬થી હું આ મામલે સવાલ ઊઠાવી રહ્યો છું. મેં આ મામલે શરદ પવાર, સોનિયા ગાંધી, મમતા બેનરજી અને અન્ય વિપક્ષના સભ્યો સાથે આ મુદ્દે મુલાકાત કરી હતી. ૨૦૧૭માં તો મેં ચૂંટણી બહિષ્કારનું સૂચન કર્યું હતું.

જાણો વૈકલ્પિક રૂટ

## અમદાવાદનો ગિરધર નગર ઓવરબ્રિજ ૨૦ સપ્ટે. સુધી બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા ગિરધર નગર ઓવરબ્રિજને ફરી એકવાર વાહન વ્યવહાર માટે બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદ ટ્રાફિક પોલીસે આ અંગે એક પ્રેસનોટ બહાર પાડીને જાણકારી આપી છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ટ્રેકના પિલરો પર સેગમેન્ટ લગાવવાનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરીની સલામતીને ધ્યાનમાં રાખીને, ૨૩ ઓગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર સુધી આ બ્રિજ બંધ રહેશે.ગિરધર નગર ઓવરબ્રિજ પૂર્વ અમદાવાદના સૌથી વ્યસ્ત ઓવરબ્રિજ પૈકીનો એક છે. આ પહેલાં પણ ૧૮ જુલાઈથી ૧૦ ઓગસ્ટ સુધી આ બ્રિજ બંધ રહ્યો હતો, અને હવે ફરીથી બ્રિજ બંધ થવાથી વાહનચાલકોને મુશ્કેલી પડી શકે છે. વાહનચાલકોની સુવિધા માટે, ટ્રાફિક પોલીસે વૈકલ્પિક માર્ગોની જાણકારી આપી છે : કાલુપુર અને પ્રેમ દરવાજા તરફથી આવતા વાહનોઃ આ વાહનો ઈદગાહ સર્કલથી અસારવા બ્રિજનો ઉપયોગ કરીને બળિયા લીમડી ચાર રસ્તા થઈને સિવિલ હોસ્પિટલ અથવા અસારવા વિસ્તારના મુખ્ય માર્ગો પર જઈ શકશે.

શાહીબાગ અને ગિરધર નગર તરફથી આવતા વાહનોઃ આ વાહનો ગિરધર નગર સર્કલથી કાળકા માતાજીના મંદિર થઈને બળિયા લીમડી ચાર રસ્તાથી સિવિલ હોસ્પિટલ અથવા અસારવા તરફ જઈ શકશે. આ ઉપરાંત, કાલુપુર-પ્રેમ દરવાજા તરફ જવા માટે પણ તેઓ અસારવા બ્રિજનો ઉપયોગ કરી શકશે. વાહન ચાલકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરીને ટ્રાફિક જામની સમસ્યાથી બચી શકે છે અને કામગીરી પૂર્ણ થવા સુધી સહયોગ આપે.

બનાવ્યું એવું હથિયાર કે દુશ્મનોની ખેર નહીં

## યુક્રેન યુદ્ધમાં નિષ્ફળતા બાદ હવે ઉત્તર કોરિયાએ વધાર્યું ટ્રમ્પનું ટેન્શન

### ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે સરહદ પર વધતા તણાવ વચ્ચે હવાઈ સંરક્ષણ પ્રણાલી વિકસાવવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તર કોરિયા

ઉત્તર કોરિયાએ ફરી એકવાર તેના કટ્ટર દુશ્મન અમેરિકાનું ટેન્શન વધાર્યું છે. આ વખતે કોરિયન સરમુખત્યાર કિમ જોંગ ઉને અમેરિકાનો તણાવ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM), હાઈપરસોનિક મિસાઈલ, પરમાણુ સંચાલિત મિસાઈલ સબમરીન કે પરમાણુ શસ્ત્રોથી નહીં, પરંતુ પોતાની હવાઈ સંરક્ષણ પ્રણાલીથી વધાર્યો છે. ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે સરહદ પર વધતા તણાવ વચ્ચે આ હવાઈ સંરક્ષણ પ્રણાલી વિકસાવવામાં આવી છે.

કોરિયાએ તેની સ્વદેશી હવાઈ સંરક્ષણ પ્રણાલી S-400 વિકસાવી છે. આ માહિતી કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી (KCNA) દ્વારા આપવામાં આવી હતી. ઉત્તર કોરિયાએ શનિવારે તેની બે નવી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓનું પરીક્ષણ કર્યું હતું. જેની એક તસવીર પણ સામે આવી છે, જેમાં સરમુખત્યાર કિમ જોંગ ઉન અજાણ્યા સ્થળે મિસાઈલ પરીક્ષણનું નિરીક્ષણ કરતા જોવા મળે છે. ૧૯ ઓગસ્ટના રોજ, ન્ઞ ક્રોસ કરવા મુદ્દે દક્ષિણ અને ઉત્તર કોરિયાના દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. બંને દેશોના તણાવ વચ્ચે કિમ જોંગ ઉનની સેનાએ નવી હવાઈ સંરક્ષણ પ્રણાલીથી અમેરિકાનો તણાવ વધાર્યો હતો. ઉલ્લેખનીય છે, અમેરિકા દક્ષિણ કોરિયાનો ખાસ મિત્ર છે, આ ઉપરાંત ઉત્તર કોરિયા પાસે એવા શસ્ત્રો છે, જે સીધા અમેરિકા પર હુમલો કરી શકે છે. ઉત્તર કોરિયા રશિયાનું મિત્ર છે.

KCNA રિપોર્ટમાં આ નવી મિસાઈલોના પરીક્ષણ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી નથી. તેઓએ આ સંરક્ષણ પ્રણાલી વિશે જણાવ્યા પ્રમાણે, તેનું ઓપરેશન અને રિએક્શનન મોડ અનોખી અને વિશેષ તકનીક પર આધારિત છે. પરીક્ષણ દરમિયાન તેના ફાયરિંગથી સાબિત થયું કે આ બે પ્રકારની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓની તકનીક હવામાં કોઈપણ લક્ષ્યને નષ્ટ કરવામાં સક્ષમ છે.

૧૯ ઓગસ્ટ, મંગળવારના રોજ LOC ક્રોસ કરવા મુદ્દે બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. દક્ષિણ કોરિયાએ ઉત્તર કોરિયાના સૈનિકો પર ચેતવણી ગોળીબાર કર્યો હતો. જોકે, આ બધા તણાવ વચ્ચે, ઉત્તર કોરિયાએ અજાણ્યા સ્થળેથી તેની મિસાઈલ એર ડિફેન્સ સિસ્ટમનું પરીક્ષણ કર્યું હતું. આ પરીક્ષણ માત્ર દક્ષિણ કોરિયા જ નહીં પરંતુ અમેરિકાના તણાવમાં પણ વધારો કરી શકે છે.

હ્વાસોંગ-૧૯ મિસાઈલઃ તેનું પરીક્ષણ ઓક્ટોબર ૨૦૨૪માં કરવામાં આવ્યું હતું. તેની રેન્જ ૧૫,૦૦૦ કિલોમીટર સુધીની છે, જે અમેરિકા પર પણ સરળતાથી હુમલો કરી શકે છે. આ મિસાઈલ પરમાણુ શસ્ત્રો વહન કરવામાં સક્ષમ છે. આ મિસાઈલને શોધવી અને રોકવી મુશ્કેલ છે.

હાઈપરસોનિક મિસાઈલઃ કોરિયાએ ઘણી હાઈપરસોનિક મિસાઈલો વિકસાવી છે. જે અવાજની ગતિ કરતા પાંચ ગણી વધુ ઝડપે ૧,૦૦૦ કિલોમીટરનું અંતર કાપી શકે છે. હાઈપરસોનિક મિસાઈલોની વિશેષતા એ છે કે તેને ટ્રેક કરવી અને રોકવી લગભગ અશક્ય છે, જે તેના દુશ્મન દેશો અને દુશ્મનના સાથીઓ માટે મોટુ જોખમ બની શકે છે.

પરમાણુ શસ્ત્રોનો ભંડારઃ ઉત્તર કોરિયા પાસે લગભગ ૫૦ પરમાણુ શસ્ત્રો છે. નિષ્ણાતોનો અંદાજ છે કે તેની પાસે એટલી ક્ષમતા છે કે તે ૯૦ પરમાણુ શસ્ત્રો બનાવી શકે છે.

## ભાજપનો ગઢ મનાતી મહેસાણા મનપાની ચુંટણીમાં આમ આદમી પાર્ટી પુરી તાકાતથી ઝંપલાવશે : ગોપાલ ઈટાલીયાએ ચુંટણી જીતવા રણશિંગું ફુંકયુ

પ્રતિનિધિ,ગાંધીનગર




આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાની રાજકીય પકકડ મજબુત કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે અને હવે આગામી મહેસાણા મહાનગરપાલિકા (મનપાની) ચુંટણીમાં પણ આમ આદમી પાર્ટી પુરી તાકાતથી મેદાનમાં ઉતરવાની છે, આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ મહેસાણા ખાતે ચુંટણી જીતવા માટે રણશિંગુ ફુંકયુ હતું.

ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે પાર્ટી આ ચુંટણીમાં જોરશોરથી પ્રચાર કરશે અને પ્રયાસ કરશે કે મહેસાણાનો મેયર આમ આદમી પાર્ટીનો બને, ગોપાલ ઈટાલીયાએ મહાનગરપાલિકા વિસ્તારોમાં સુવિધાનો અભાવ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે જયાં જયાં મનપા બની છે ત્યાં આજે પણ સુવિધાઓ મળતી નથી તો હવે જે વિસ્તારો વધ્યા છે, ત્યાં કયાંથી સુવિધા મળશે ? તેમણે કહ્યુ હતુ કે મહેસાણા મનપાનો વેરો વધી ગયો છે, છતાં સુવિધાઓ કયારે મળશે તે ભગવાન જાણે , આ મુદ્દાને આમ આદમી પાર્ટી ચુંટણીમાં મુખ્ય એજન્ડા બનાવશે અને લોકોને પાયાની સુવિધાઓ આપવા માટે પ્રતિબધ્ધતા દર્શાવશે.

ગુજરાતમાં પ્રેમ લગ્નના કાયદાને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે મહેસાણામાં આમ આદમી પાર્ટી દ્વારા ૩૦ ઓગસ્ટના રોજ એક મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ મહારેલી અંગે પણ ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે પ્રેમ લગ્નના મુદ્દાને લગતો પ્રશ્ન દેશ અને ગુજરાતમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે અને આ મુદ્દા પર મનોમંથન થવુ અત્યંત જરૂરી છે. વધુમાં ઈટાલીયાએ કહ્યુ કે મેં પોતે પણ આ મુદ્દે વિધાનસભામાં મુખ્યમંત્રીને રજુઆત કરી છે. તેમણે ભાર પૂર્વક જણાવ્યુ હતુ કે સમાજમાં દિકરીઓને લઈને જે ઘટનાઓ બની રહી છે તેના પર સરકારે ચિંતન કરવુ જોઈએ અને યોગ્ય કાયદાકીય સુધારા લાવવા જોઈએ. આ મહારેલીનો મુખ્ય ઉદ્દેશ સરકારનુ ધ્યાન આ ગંભીર સમસ્યા તરફ દોરવાનો છે.

## અમદાવાદમાં સરાજાહેર તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને યુવાનની કરાયેલી હત્યાને મામલે ૩ ની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદ શહેરમાં ચોરી, હત્યા અને લુંટ સહિતના ગંભીર ગુન્હામાં વધારો થયો છે, અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન હત્યાઓનો પ્રમાણ વધી રહ્યુ છે, દરમિયાન શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલાક શખ્સોએ યુવાનનુ અપહરણ કરાયા બાદ જાહેરમાં તિક્ષણ હથિયારના ઘા ઝીકીને હત્યા કરી હતી, આ ઘટનાને પગલે અમદાવાદીઓમાં ભયનો માહોલ ફેલાયો છે, તો બીજી તરફ પોલીસે પણ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને ઝડપી લેવાની કવાયત શરૂ કરી હતી, પોલીસે સમગ્ર ઘટનામાં ૩ આરોપીઓની ધરપકડ કરી હોવાનુ બહાર આવ્યુ છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૦ જેટલા શખ્સોએ એક યુવાનનુ અપહરણ કર્યુ હતું. દરમિયાન જાહેરમાં રોડની વચ્ચોવચ ૧૦ થી વધુ લોકોએ ઘાતક હથિયાર સાથે યુવક પર તુટી પડયા હતા. જયાં યુવકના ભાઈ પર હુમલો થયો હતો, એ જગ્યા પર યુવકની જાહેરમાં હત્યા કરવામાં આવી હતી, કાગડાપીઠ પોલીસે આરોપીઓ સામે અપહરણ અને હત્યાનો ગુન્હો દાખલ કર્યો છે, પોલીસે વિજય વાઘેલા, શૈલેષ ગૌતમ, પુનમ પટણી નામના આરોપીઓની ધરપકડ કરી છે. તેમજ પોલીસે ગુન્હામાં વપરાયેલી બે રીક્ષા ઝડપી લીધી છે, થોડા દિવસો અગાઉ ૧૯ ઓગસ્ટે મેઘાણીનગરમાં બબાલ થઈ હતી. સતિષ અને તેની ગેંગે વિપુલ પર હુમલો કર્યો હતો, આ ઘટનામાં મૃતક સામે હત્યાના પ્રયાસનો ગુન્હો દાખલ થયો હતો. મુખ્ય આરોપી વિજય ઉર્ફે બટ્ટા નો ગુન્હાહીત ઈતિહાસ છે. કુલ ૬ આરોપીઓ સામે ફરીયાદ નોંધવામાં આવી હતી. પોલીસની ૫ ટીમ બનાવીને વિજય વાઘેલા, શૈલેષ ગૌતમ અને પુનમ પટણી નામના આરોપીને ઝડપી લીધા છે, સીસીટીવી કુટેજ અને પુછપરછ આધારે વધુ તપાસ હાથ ધરી છે, અમદાવાદમાં દિન દહાડે હત્યાથી અમદાવાદવાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

## અમદાવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગતને લઈ અમદાવાદ શહેરને નવોઢા દુલ્હનની જેમ રોડ રસ્તાઓને સજાવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે અમદાવાદના નિકોલમાં વડાપ્રધાન મોદી રોડ શો કરશે અને ત્યારબાદ સભા પણ યોજશે, ત્યારે વડાપ્રધાનના સ્વાગત માટે અમદાવાદીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમદાવાદના રોડ રસ્તાઓ નવોઢા દુલ્હનની જેમ સજાવવામાં આવ્યા છે. નિકોલમાં વડાપ્રધાન મોદી દોઢ કિ.મી. નો રોડ શો કરશે અને તિરંગા સિંદુરના હોર્ડિંગ્સ સહિત બેનરો પણ નિકોલમાં લગાડવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદી આજે સાંજે અમદાવાદ આવશે. જેમાં તેઓ સાંજે ૫:૪૫ કલાકે અમદાવાદ આવશે. અમદાવાદ એરપોર્ટ થી નિકોલ સભા સ્થળે જશે. હરી દર્શન ચાર રસ્તાથી દોઢ કિ.મી.નો રોડ શો યોજાશે, સાંજે ૬ થી ૭ દરમિયાન નિકોલ સભામાં ઉપસ્થિત રહેશે, નિકોલમાં વિવિધ વિકાસ કામોનુ લોકાર્પણ કરશે અને નિકોલની સભા બાદ વડાપ્રધાન મોદી રાજભવન જશે. તો બીજા દિવસે એટલે કે ૨૬ ઓગસ્ટ ના રોજ સવારે ૯:૫૦ કલાકે વડાપ્રધાન હાંસલપુર જવા રવાના થશે અને સુઝુકીના બેટરી પ્લાન્ટના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરના ૧૨:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ થી દિલ્હી જવા રવાના થશે.

૨૫ ઓગસ્ટે વડાપ્રધાન મોદી નિકોલમાં જાહેર સભા યોજશે જેમાં જાહેરસભાને લઈ કેટલાક માર્ગોને ડાયવર્ટ કરાયા છે. જેમાં પોલીસ કમિશ્નરે જાહેરનામુ બહાર પાડયુ છે. વડાપ્રધાનની જાહેરસભાને લઈ કેટલાક માર્ગો બંધ રહેશે. જેમાં એમએસ સ્કુલ ચાર રસ્તાથી ભકિત સર્કલ સુધીનો માર્ગ બંધ રહેશે, ભકિત સર્કલથી હરી દર્શન ચાર રસ્તા સુધીનો માર્ગ બંધ રહેશે. ઓમકાર પ્લાઝા થી દેવસ્ય સ્કુલ ચાર રસ્તા સુધી માર્ગ બંધ રહેશે, સામાન્ય વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર કરાયો છે, એમએસ સ્કુલ ચાર રસ્તાથી દાસ્તાન સર્કલ સુધીનો માર્ગ ચાલુ રહેશે અને દાસ્તાન સર્કલ થી સુકુન ચાર રસ્તા સુધીનો માર્ગ ચાલુ રહેશે તેવી માહિતી સામે આવી છે.

જામનગર જિલ્લામાં જુગારીઓની જમાવટ

## જુગારના છ સ્થળોએ દરોડામાં ત્રણ મહિલા સહિત કુલ ૩૧ પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેર -જિલ્લા માં ગઈકાલે શ્રાવણ માસના અંતિમ દિવસે પોલીસે જુગારની બાતમીના આધારે અલગ અલગ છ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને રૂ.૧,૧૫,૫૦૦ની રોકડ સાથે બે મહિલા સહિત ૩૧ લોકો ને ઝડપી લીધા હતા. જેમાં બાલંભડીમાં પોલીસને જોઈને તમામ આરોપીઓ નાસી જવા માં સફળ થયા હતા એટલેકે પોલીસની રેડ નિષ્ફળ ગઈ હતી. જામજોધપુરના વનાણા ગામમાં ગંજીપાના થી જુગાર રમી રહેલા પીઠાભાઈ ભાયાભાઈ વસરા, દેવેન ઉર્ફે દેવો ભનુભાઈ રાઠોડ, પરેશભાઈ ડાયાભાઈ ઝીઝુવાડીયા, અશ્વિનભાઈ અરજણભાઈ ખીટ, અમિતભાઈ મુળજીભાઈ મકવાણા , દિનેશભાઈ ખાખાભાઈ વિઝુડા, જયોતિબેન દિનેશભાઈ ધરમશીભાઈ ઝીઝુવાડીયા ને રૂ.૧૦,૭૦૦ની રોકડ રકમ સાથે પોલીસે ઝડપી લીધા હતા.

લાલપુર તાલુકા ના મોટા ભરૂડિયા ગામમાં તીનપતી ના જુગાર રમત ક્રિપાલસિંહ વનરાજસિંહ જાડેજા હીતુભા જટુભા જાડેજા , ઉપેંદ્રસિંહ રાહુભા જાડેજા , કીશોરશિંહ મંગરુભા જાડેજા , અગરસંગ લાલુભા જાડેજા, હોથી ઓસમાણ નોતીયાર, અકબર ઓસમાણભાઇ નોતીયાર અને હીતેન્દ્રશિંહ પ્રભાતસિંહ જાડેજા ને રૂ .૨૨ ,૮૫૦ની રોકડ સાથે પોલીસે અટક કરી હતી .

કાલાવડમાં જીવાપર રોડ પર જાહેર માં જુગાર રમી રહેલા જયેશભાઇ કરશનભાઇ ચારોલીયા, સાગરભાઈ મનસુખભાઇ મકવાણા તથા સુનીલભાઇ મનોજભાઇ સોલંકી ને રૂ.૧૦,૨૦૦ની રોકડ સાથે પોલીસે પકડી પાડ્યા હતા.

ધ્રોલ તાલુકાના રાજપરા ગામમાં જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમી રહેલા સહદેવસિંહ સુરૂભા જાડેજા અશોકસિંહ લગ્ધીરસિંહ જાડેજા , ધમેન્દ્રસિંહ સુરૂભા જાડેજા , શકિતસિંહ લગ્ધીરસિંહ જાડેજા , શકિતસિંહ સુરૂભા જાડેજા ,. યશપાલસિંહ મહાવીરસિંહ જાડેજા ,અને ફતેસિંહ દાનુભા જાડેજા ને રૂ.૩૦,૪૦૦ની રોકડ રકમ સાથે પોલીસે ઝડપી લીધા હતા. જામનગર તાલુકાના સિક્કા નજીકના બાલંભડી ગામમાં જુગારની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.પરંતુ પોલીસ કરતા પણ ચાલક તમામ આરોપી નાસી ગયા હતા.

ટિકિટ બુકિંગ ૨૫ ઓગસ્ટ (સોમવાર) થી શરૂ થશે

## ૨૮ ઑગસ્ટે ભાવનગરથી મુંબઈ સેન્ટ્રલ માટે દોડશે "સ્પેશિયલ ટ્રેન"

પર્યુષણ પર્વ દરમિયાન થતી ભીડને સમાયોજિત કરવા અને યાત્રીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ખાસ ભાડે "સ્પેશિયલ ટ્રેન" ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ આ વિશેષ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:–

- ટ્રેન નંબર ૦૯૦૮૮/૦૯૦૮૭ ભાવનગર ટર્મિનસ – મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૦૮૭ મુંબઈ સેન્ટ્રલ - ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૭ ઑગસ્ટ, ૨૦૨૫ (બુધવાર)ના રોજ મુંબઈ સેન્ટ્રલથી બપોરે ૧૨.૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૫.૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૮૮ ભાવનગર ટર્મિનસ – મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૮ ઑગસ્ટ, ૨૦૨૫ (ગુરૂવાર)ના રોજ ભાવનગર ટર્મિનસથી સાંજે ૧૭.૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં સિહોર (ગુજરાત), સોનગઢ, ધોલા, બોટાદ, વિરમગામ, અમદાવાદ, આણંદ જં., વડોદરા, સુરત, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એ.સી. ૨-ટિયર, એ.સી. ૩-ટિયર અને સ્લીપર શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૦૮૭ અને ૦૯૦૮૮ માટે ટિકિટોની બુકિંગ ૨૫.૦૮.૨૦૨૫ (સોમવાર) બપોરે ૧૫.૦૦ વાગ્યે થી યાત્રી આરક્ષણ કેન્દ્રો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનના ઠહરાવ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક નદીમાં એક શ્રમિક વ્યકિત ફસાઈ જતા ૪ કલાકની જહેમત બાદ બહાર કાઢયોઃ બોટની મદદથી સહીસલામત વ્યકિતને બહાર કઢાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામ નજીક સાબરમતી નદીમાં એક શ્રમિક વ્યકિત ફસાઈ જતાં ફાયર ટીમ દ્વારા ૪ કલાકની જહેમત બાદ રેસ્કયુ કર્યુ સહી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો.

હવામાન વિભાગની આગાહી અનુસાર ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે.ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામ નજીક સુર્ય કુંડ પાસે બની રહેલ મકાનમાં કામ કરતો શ્રમિક કાળુ ખેર નજીક આવેલ સાબરમતી નદીમાં માછલા પકડવા ગયો હતો જો કે નદીમાં અચાનક પાણી છોડવામાં આવતા ધસમસતો પાણીનો પ્રવાહ જોવા મળ્યો હતો.

એકાએક પાણી વધતા કાળુ ખેર એક ટેકરી ઉપર ચડી ગયો હતો. જયાં બાવળના ઝાડને પકડીને બેસી ગયો હતો અને બુમાબુમ કરતા નદી કાંઠેથી પસાર થતા એક વ્યકિત અવાજ સાંભળી જતા પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં જ પ્રાંતિજ પોલીસ સહિત ફાયર ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી હતી. જયાં રેસ્કયુ ઓપરેશન હાથ ધરી લગભગ ૪ કલાકની જહેમત બાદ કાળુ ખેર ને બહાર કાઢવામાં આવ્યો હતો.



### સાબરકાંઠાના ૧૭ ગામોમાં પુરનો ખતરો : પાણી છોડવાની કામગીરી શરૂ

# સાબરકાંઠા જિલ્લાના હરણાવ જળાશયોમાંથી પાણી છોડાતા ૧૭ ગામોને કરાયા એલર્ટ : હરણાવ ડેમમાંથી ૨૧૫ કયુસેક પાણી છોડાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લામાં ઉપરવાસ અને સ્થાનિક વિસ્તારોમાં ભારે વરસાદને પગલે હરણાવ જળાશયમાં પાણીની આવક માં નોધપાત્ર વધારો થયો છે. જેને કારણે ડેમની જળસપાટી એલર્ટ લેવલે પહોચી હોવાથી વહિવટી તંત્રે મોડી રાત્રે હરણાવ નદીમાં પાણી છોડવાની કામગીરી હાથ ધરી છે.

આજે રવિવારે જળાશયનો એક દરવાજો ખોલીને ૨૧૫ કયુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યુ છે. જયારે ગઈ કાલે રાત્રે પણ એક દરવાજો ખોલીને ૧૦૬૦ કયુસેક પાણી છોડાયુ હતું. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હરણાવ નદી કાંઠાના ૧૭ ગામોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે હરણાવ, કોસામ્બી અને ભીમાક્ષી નદીઓમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. જેને કારણે હરણાવ જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લા સહિત ૧૭ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે. જેના કારણે જળાશયની સ્થિતિ નાજુક બની શકે છે. જળાશયની જળસપાટી હજુ પણ એલર્ટ લેવલે હોવાથી ગમે ત્યારે વધુ પાણી છોડવાની શકયતા ઉભી થઈ શકે છે.

હરણાવ નદી કાંઠાના ૧૭ ગામો જેમાં ખેડબ્રહ્મા, વડાલી અને ઈડર તાલુકાના ૧૭ ગામડાઓનો સમાવેશ થાય છે. તેમને સાવચેતીના ભાગરૂપે એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. વહિવટી તંત્રે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની સુચના આપી છે. ખેડબ્રહ્મા નજીક હરણાવ, કોસામ્બી અને ભીમાક્ષી નદીઓના સંગમ સ્થળે પાણીનો પ્રવાહ ઝડપી બન્યો હોવાથી આ વિસ્તારોમાં ખાસ ચેતવણી જાહેર કરાઈ છે.

હરણાવ જળાશયમાંથી પાણી છોડવાની પ્રક્રિયા નિયંત્રિત રીતે ચાલી રહી છે. આજે રવિવારે સવારે એક દરવાજો ખોલીને ૨૧૫ કયુસેક પાણી છોડવામાં આવ્યુ છે. ગઈ કાલે મોડી રાત્રે ૧૦૬૦ કયુસેક પાણી નદીમાં છોડાયુ હતું. આ ઉપરાંત ધરોઈ જળાશયમાં પણ ૯૨૬ કયુસેક પાણીની આવક નોંધાઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જે સાબરમતી નદીમાં વધુ પાણીનો પ્રવાહ વધારી શકે છે.

વહિવટી તંત્રે પુરની સંભાવનાને ધ્યાનમાં રાખીને એનડીઆરએફ અને એસડીઆરએફ ની ટીમોને તૈનાત કરી છે. નદી કાંઠે રહેતા લોકોને નજીકના સલામત સ્થળોએ ખસી જવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ખેડબ્રહ્મા અને વડાલી તાલુકાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની શકયતાને ધ્યાનમાં રાખીને નીતાર વ્યવસ્થાને સુધારવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ભારે વરસાદ અને જળાશયમાંથી પાણી છોડવાનો કારણે ખેડબ્રહ્મા, વડાલી અને ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીવાડીને નુકશાન થવાની શકયતા છે.

### ગાંધીનગરમાં આજે ભાજપની બેઠકઃ વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણી ની તૈયારી

# આજે વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને લઈ ભાજપના તમામ ધારાસભ્યોઃ પ્રમુખો ને કમલમમાં હાજર રહેવા છુટયા આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજના પ્રવાસને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી (ભાજપ દ્વારા) ગાંધીનગરના પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે મહત્વની બેઠકમાં હાજર રહેવા માટે ભાજપના તમામ ધારાસભ્યો અને પ્રમુખોને આદેશ છુટયા છે.




આ બેઠકનુ મુખ્ય એજન્ડા વડાપ્રધાનના ૧૭ સપ્ટેમ્બર ના જન્મદિવસની ઉજવણી, સેવા સપ્તાહના રૂપમાં કરવા માટેનુ આયોજન અને વડાપ્રધાનના ગુજરાત પ્રવાસની તૈયારીઓ છે આ બેઠકમાં ગુજરાતના ભાજપના તમામ ધારાસભ્યો જિલ્લા અને શહેર પ્રમુખો તેમજ પ્રભારીઓને હાજર રહેવા માટેના ગઈ કાલે મોડી રાત્રે આદેશો છુટયા છે. આ બેઠક આજે સવારે કમલમ ખાતે યોજાશે જેની અધ્યક્ષતા પ્રદેશ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય જળશકિતમંત્રી સી આર પાટીલ કરશે. બેઠકમાં વડાપ્રધાનના આગમનની તૈયારીઓ ઉપરાંત ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીનું આયોજન કરવા પર ચર્ચા થશે. ચાલુ વરસે ભાજપ દ્વારા વડાપ્રધાનનો જન્મ દિવસ સેવા સપ્તાહ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે અંતર્ગત રાજયભરમાં સેવાકીય પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં રાજયના તમામ ધારાસભ્યો, જિલ્લા અને શહેર પ્રમુખો તેમજ પ્રભારીઓને હાજર રહેવા માટે સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે. જેથી સેવા સપ્તાહના આયોજનને વ્યાપક અને સફળ બનાવી શકાય. બેઠકમાં સેવા સપ્તાહ દરમિયાન આરોગ્ય શિબિરો, રકતદાન શિબિરો, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન જેવી પ્રવૃત્તિઓનુ આયોજન કરવા પર ચર્ચા થવાની સંભાવના છે.

આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન રાજયમાં અનેક વિકાસલક્ષી પ્રોજેકટનુ ઉદ્‌ઘાટન અને શીલાન્યાસ કરવાના છે, ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ આ પ્રવાસને સફળ બનાવવા માટે પૂર્વ તૈયારીઓ મા લાગી ગયા છે. વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને આ બેઠકમાં રાજયના નેતાઓ અને કાર્યકર્તાઓને સંગઠનાત્મક અને વ્યવસ્થાપનની જવાબદારીઓ સોંપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૫ મો જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે રાજયભરમાં સેવા સપ્તાહ તરીકે ઉજવવામાં આવશે. આ ઉજવણી અંતર્ગત રાજયના દરેક જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવશે. ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને સ્વચ્છતા જેવા ક્ષેત્રોમાં સેવા કાર્યો હાથ ધરાશે. ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના નેતૃત્વમાં આ ઉજવણીને યાદગાર અને અસરકારક બનાવવા માટે ખાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે.

પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ જેઓ કેન્દ્રીય જળશકિત મંત્રી પણ છે. તેમના નેતૃત્વમાં ગુજરાત ભાજપે ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીમાં ઐતિહાસિક જીત હાસલ કરી હતી જયાં પાર્ટીએ ૧૮૨ માં થી ૧૫૬ બેઠકો જીતી હતી. આ બેઠકમાં પણ તેમનુ નેતૃત્વ મહત્વનુ રહેશે. કારણ કે તેઓ વડાપ્રધાનના પ્રવાસ અને સેવા સપ્તાહના આયોજનને સફળ બનાવવા માટે રાજયના નેતાઓ અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

# અરવલ્લી જિલ્લાના શામળાજીનો મેશ્વો ડેમ ઓવરફલો : નદી કિનારાના ગામડાઓને કરાયા એલર્ટ : લાંક અને વારાંશી જળાશયમાં ૩૦૦ કયુસેક પાણીની થઈ આવક

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે તો બીજી તરફ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે શામળાજીના મેશ્વો ડેમમાં પાણીની આવક થઈ રહી છે અને ડેમ એલર્ટ મોડમાં છે. ત્યારે તંત્ર દ્વારા ભિલોડા તાલુકાના નદી કિનારાના ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

બે દિવસ ભારે વરસાદની આગાહી હોય જેથી જળાશયમાં પાણીની આવક સતત વધી રહેલ છે. શામળાજી ખાતે આવેલ મેશ્વો ડેમમાં ૨૦૯ કયુસેક પાણીની આવક થઈ રહી છે.

૯૧ ટકા મેશ્વો ડેમ ભરાઈ ગયો છે અને પાણીની સતત આવક ચાલુ રહેતા ઓવરફલો થયેલ ડેમમાંથી વેસ્ટ વીયર થી પાણીનો પ્રહાર મેશ્વો નદીમાં વહી રહ્યો છે. જેથી વહિવટી તંત્ર દ્વારા ભિલોડા તાલુકા પંચાયત દ્વારા મેશ્વો નદી કિનારાના ગામડાઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ભિલોડા તાલુકાના શામળાજી, બહેચરપુરા, ભવાનપુર, ખેરંચા, ખારી, વીજાપુર, સોનપુર, વાંદીયોલ, બ્રહ્મપુરી, ગડાદર અને જાલીયા તથા આજુબાજુના અસર થઈ શકે તેવા હોય તમામ વિસ્તારોને જાણ કરવામાં આવેલ છે. તેમજ ગ્રામ પંચાયત તલાટીઓને પોતાનુ સ્થળ ન છોડવા માટે તંત્ર દ્વારા સુચનાઓ આપી દેવામાં આવી છે. અસરગ્રસ્ત વ્યકિતઓને સલામત સ્થળે ખસેડી દેવા તંત્ર દ્વારા જાણ કરવામાં આવી છે. તો બીજી તરફ લાંક અને વારાંશી તેમજ મેશ્વો ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે.



# બાકરોલ ગામના ૨૫ લોકો ફસાયા, પાંચનું કરાયું રેસ્ક્યૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઉપરવાસમાંથી પાણીની આવક થતાં સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. પાણીની આવકના પગલે સાબરમતી નદી પરના વાસણા બેરેજના દરવાજા ખોલી પાણી છોડાયું છે. જ્યારે પાણી છોડતાં બાકરોલ ગામના ૨૫ લોકો ફસાયા છે. જેમાંથી પાંચ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. ઘટનાને પગલે નદીકાંઠે ગ્રામજનો એકઠા થયા છે. જ્યારે તંત્રને આ અંગે જાણ કરવામાં આવી છે. જેના પગલે ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી છે. નોંધનીય છે કે, સાબરમતી નદીમાં નવા નીરની આવક થઈ છે. સાબરમતી નદીમાં પાણીની આવક થતા વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે. સાબરમતી નદીમાં હાલ ૫૧૧૨૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. ઉપરવાસમાં વરસાદના કારણે હજુ વધારે પાણી છોડવાની સંભાવના છે. વટવા, વેજલપુર, દસક્રોઈ અને ધોળકા વિસ્તારમાં રહેતા લોકોએ તકેદારી રાખવા અપીલ કરાઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદ પડી રહ્યો છે, ત્યારે ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે. ઉપરવાસમાં વરસાદ થતાં ધરોઈ ડેમમાંથી પાણી છોડાયું છે. સાબરમતી નદીમાં પાણીની આવક થતા વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે. આજે સાબરમતી નદીનું જળસ્તર ઘટાડવા માટે અને પાણીનો નિકાલ કરવા માટે વાસણા બેરેજના ૨૫ ગેટ ખોલવામાં આવ્યા છે. સિંચાઇ ખાતાએ વાસણા બેરેજનાં ૨૫ દરવાજા ૬ ફૂટ ખોલી નાખતાં નદીમાં પાણીનું લેવલ ઘટી રહ્યું છે. સાબરમતી નદીમાં નવા નીરની આવક થવાને કારણે લોકો માટે વોકવે બંધ કરવામાં આવ્યો છે. પાણી છોડવામાં આવતાં નીચાણવાળા વિસ્તારોને પણ સૂચના આપવામાં આવી રહી છે કે તેઓ કિનારા સુધી ન જાય અને સુરક્ષિત જગ્યા પર ખસી જાય.

# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમદાવાદમાં આગમનને લઈ કેટલાક રૂટ બંધ કરાયા : કેટલાક વૈકલ્પિક રૂટ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.



આ જાહેરનામુ વડાપ્રધાનના નિકોલ ખાતેના જાહેરસભા કાર્યક્રમને ધ્યાનમાં રાખીને પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. આજે તા. ૨૫ મી ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે ૫ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી આ ટ્રાફીક પ્રતિબંધો અમલમાં રહેશે. બંધ કરવામાં આવેલા રૂટો તરફ નજર કરીએ તો (૧) નરોડા થી નિકોલ તરફ જઈ રહેલા વાહન ચાલકો માટે નરોડા પાટીયાથી અમદાવાદ દહેગામ રોડ બંધ કરવામાં આવ્યો છે (૨) અમદાવાદ-મહેસાણા હાઈવે અને અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે થઈને રીંગરોડ સર્કલથી એસપી રીંગ રોડની ડાબી બાજુએ થઈને નિકોલ તરફનો માર્ગ બંધ રાખવામાં આવ્યો છે (૩) રીંગ રોડ સર્કલથી નિકોલ તરફ તેમજ મેમકો ચાર રસ્તાથી નિકોલ તરફ આવવા માટે પણ વાહન વ્યવહાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે વાહન ચાલકોની સુવિધા માટે વૈકલ્પિક માર્ગ ચાલુ રાખવામાં આવ્યો છે, જેમાં (૧) નરોડા પાટીયાથી આવતા વાહન ચાલકો સીટીએમ ચાર રસ્તા, હાટકેશ્વર થઈને નારોલ તરફ જઈ શકે છે (૨) રીંગ રોડ સર્કલ થી આવતા વાહનો કઠવાડા સર્કલ અને નવો રીંગ રોડ થઈને નારોલ તરફનો રસ્તો ઉપયોગમાં લઈ શકશે (૩) મેમકો ચાર રસ્તા થી આવતા વાહન ચાલકો બાપુનગર, કાગડાપીઠ થઈને નારોલ તરફના માર્ગનો ઉપયોગ કરી શકશે.

# આજે રાજયના ૨૫ જિલ્લાઓમાં વરસાદ તબાહી મચાવશેઃ સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

હવામાન વિભાગની આગાહી મુજબ આજે ૨૫ ઓગસ્ટના રોજ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને મોરબી જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ભારે થી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ છે.



આ ઉપરાંત રાજયના અન્ય ૧૭ જિલ્લાઓ માં મહેસાણા, ગાંધીનગર, ખેડા, મહિસાગર, દાહોદ, પંચમહાલ, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, દેવભુમિ દ્વારકા, કચ્છ, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં પણ આજે છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થવાની શકયતા છે. જેના માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. આ આગાહીને પગલે સ્થાનિક વહિવટી તંત્ર ને સાવચેતીના પગલા લેવા માટે સુચના આપવામાં આવી છે. હવામાન વિભાગે રાજયમાં ૨૪ થી ૩૦ ઓગસ્ટ સુધી ભારે થી અતિભારે વરસાદ થવાની શકયતાઓ વ્યકત કરી છે.

ખાસ કરીને ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રમાં મેઘરાજા મન મુકીને વરસશે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આગામી ૭ દિવસ એટલે કે ૨૪ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ સુધી રાજયભરમાં ભારે થી અતિભારે વરસાદની સંભાવના છે. આ વરસાદની સૌથી વધુ અસર ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રના વિસ્તારોમાં જોવા મળશે. જયાં અતિ ભારે વરસાદની શકયતા છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે માછીમારોને પણ સાવચેત રહેવા જણાવ્યુ છે અને આગામી દિવસોમાં દરીયો ન ખેડવાની સુચના આપી છે. કારણ કે દરીયાકાંઠે ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને બંદરો પર સીંગ્નલ-૩ લગાડવામાં આવ્યુ છે.

# મોદી સરકારને ખેડુત સાથે મજાક ભારે પડશે : સહાયને સરકારના મોં પર મારશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉદ્યોગપતિના ખિસ્સા ભરવા જાણીતી બનેલી મોદી સરકાર ખેડુતોની કેવી મજાક ઉડાડી રહી છે , તેનો એક કિસ્સો હાલ ખુબ ચર્ચામાં છે, આ કિસ્સાએ મોદી સરકારની મોટી મોટી ખેડુતહીતની વાતોની પોલ ખોલીને મુકી દીધી છે. કુદરતી આફતને કારણે પાક ના નુકશાનની ભરપાઈ કરવા માટે સરકાર ખેડુતોને વળતર આપે છે, આ માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૬ માં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના નામની યોજના શરૂ કરી હતી. આ યોજનાનો લાભ આપવામાં સરકારે ખેડુતોને છેતર્યા છે, મધ્ય પ્રદેશમાં ખંડવા જિલ્લાના ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિ સાથે સરકારે મોટી છેતરપીંડી કરી છે , તેમને લગભગ ૭ લાખ રૂપીયાના પાકના નુકશાન સામે વળતર માત્ર ૧૨૭૪ રૂપીયા મળ્યા છે. આનાથી ગુસ્સે થઈને રાજેન્દ્ર પ્રજાપતિએ આ રકમ પ્રધાનમંત્રીને પાછી મોકલવાનુ નકકી કર્યુ છે. ખંડવાના રહેવાસી ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિ ઈંટના ભઠ્ઠામાં કામ કરે છે, તેમની પાસે ૨૫ એકર પૈતૃક જમીન છે, જેમાંથી તેમણે ૨૦૨૪ માં ૨૧ એકર જમીનમાં સોયાબીનનો પાક વાવ્યો હતો, આ માટે રાજેન્દ્ર પ્રજાપતિએ બેંકમાંથી કિસાન ક્રેડીટ (કેસીસી) લોન લીધી હતી અને ૬ હજાર રૂપીયાનુ વીમા પ્રિમિયમ બેંક દ્વારા કંપનીને સીધુ ચુકવવામાં આવ્યુ હતું. ઓછા વરસાદને કારણે, આખો સોયાબીન પાક બરબાદ થઈ ગયો હતો, પાકના નુકશાનની માહિતી મળતા વિમા કંપનીના સર્વેયર સ્થળ પર આવ્યા અને પાકના નુકશાનનુ મુલ્યાંકન કર્યુ હતુ, પીડીત ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે વિમા કંપનીએ મને કહ્યુ કે ૧૦ ટકા પ્રિમિયમ રકમમાંથી તેનુ યોગદાન ફકત ૨ ટકા એટલે કે ૬ હજાર રૂપીયા છે, જયારે બાકીના ૪ ટકા કેન્દ્ર સરકાર અને ૪ ટકા રાજય સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે, આમ કુલ ૩૦ હજાર રૂપીયા વિમા કંપનીને ચુકવવામાં આવ્યા હતા. રાજેન્દ્ર પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે ૨૧ એકર જમીનમાં સરેરાશ ઉત્પાદન પ્રતિ એકર ૭ કિવન્ટલ થવાનુ હતુ, આ હિસાબે તેમને લગભગ ૧૪૦ કિવન્ટલ સોયાબીન મળવુ જોઈતુ હતુ, તે સમયે બજાર કિંમત પ્રતિ કિવન્ટલ ૫ હજાર રૂપીયા હતી, જેનાથી પાકની કુલ કિંમત ૭ લાખ રૂપીયાની આસપાસ થઈ જતી હતી, વિમા યોજનાના નિયમો અનુસાર ૫૦ ટકા થી વધુ પાકના નુકશાન સામે ઓછામાં ઓછા ૩ લાખ ૪૦ હજાર રૂપીયાનો દાવો મળવા જોઈતો હતો. પરંતુ જયારે દાવાની રકમ આવી ત્યારે તે માત્ર ૧૨૭૪ રૂપીયા જ હતા. રાજેન્દ્ર પ્રજાપતિ એ જણાવ્યુ હતુ કે સરકારે ખાત્રી આપી હતી કે પાકના નુકશાનના કિસ્સામાં યોગ્ય વળતર આપવામાં આવશે. મેં સખત મહેનતથી પાક વાવ્યો હતો, પરંતુ નુકશાન પછી મળેલુ વળતર મજાક જેવુ છે, હું આ ૧૨૭૪ રૂપીયા વડાપ્રધાનને પાછા મોકલીશ, હું સોમવારે એફડી કરીને પાછા મોકલીશ,

# પોલીસના જાપ્તામાંથી ફરાર થયેલા બે આરોપીમાંથી એક ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાંથી પોલીસને ચકમો આપી બે કેદી ફરાર થયા હોવાની ઘટના સામે આવી હતી. જેમાંથી શુભમ નામના કેદીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે સિંગણપોર વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડ્યો છે. નોંધનીય છે કે, શુભમ નામના આરોપીની પોક્સોના ગુના હેઠળ ધરપકડ કરી હતી. જો કે, બીજો આરોપી હજુ ફરાર છે.મળતી માહિતી અનુસાર, સુરતના ચોક બજાર પોલીસે દુષ્કર્મ અને પોક્સોના ગુનામાં ધરપકડ કરાયેલા આરોપી શુભમ શર્માને રાજકોટ ખાતે જેલ હવાલે કરાયો હતો. જ્યારે ગત શુક્રવારે આરોપીને સેશન્સ કોર્ટમાં રજૂ કરવા માટે લાવ્યા હતા,પરંતુ કોર્ટમાં રજૂઆત દરમિયાન આરોપીને ખેંચ આવતા તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. આ દરમિયાન આરોપી હોસ્પિટલમાં સારવાર દરમિયાન પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો. જો કે, પોલીસે શુભમ શર્માની સિંગણપોર વિસ્તારમાંથી ઝડપીને ફરી જેલ હવાલે કર્યો છે. મૂળ મહારાષ્ટ્રના અને હાલ પલસાણામાં રહેતા ઉત્તમ ધનગઢ વિરૂદ્ધમાં કડોદરા GIDC પોલીસ મથકમાં મે ૨૦૨૫માં હત્યો ગુનો નોંધાયો હતો. સમગ્ર મામલે પોલીસ આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યો હતો. પરંતુ આરોપીને ખભાના ભાગે ઈજા થતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાંથી આરોપી અચાનક પોલીસકર્મીઓને ધક્કો મારી હાથકડી સાથે ભાગી છૂટ્યો હતો. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ગંભીર ગુનાના આરોપીઓ પોલીસ જાપ્તામાંથી ભાગી જતાં પોલીસ સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. સમગ્ર ઘટનાને પગલે ખટોદરા પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.